પાલનપુરમાં ડી.ડી.ઓ.ના બંગલા પાસે પાણીનો બગાડ

પાલનપુરમાં બનાસકાંઠા જીલ્લા પંચાયતના પ્રાગણમાં જિલ્લા વિકાસ અધિકારી ના બંગલા બહાર પાણી ની પાઇપ લાઇન તુટી ગઈ હતી. તૂટેલી પાઇપ લાઇન મા થી રસ્તા પર પાણી ફરી વળતા આવેલા અરજદારો, રાહદારીઓ અને વાહન ચાલકોએ હાલાકી ભોગવી હતી. ત્યારે તૂટેલી પાઇપ લાઇન તરફ તંત્ર દુર્લક્ષતા સેવવાને બદલે પાણીનો બગાડ અટકાવી સત્વરે પાણીની પાઈપને દુરસ્ત કરે તે જરૂરી બન્યું છે.

અંકલેશ્વર, વાપી, પનોલી, વટવાને ક્રીટીકલ પોલ્યુશન ઝોનમાંથી બહાર કાઢવામાં આવશે

આ વિસ્તારમાં નવા ઉદ્યોગો ચાલુ કરવા પરનો પ્રતિબંધ દૂર કર્યો

ગાંધીનગર, તા. ૨૬

કેન્દ્રના પર્યાવરણ મંત્રાલયે ગુજરાતના અંકલેશ્વર વાપી પનોલીને ક્રિટીકલ પોલ્યુશન ઝોનમાંથી બહાર મુકવાનો નિર્ણય કરતાં હવે ગુજરાતમાં આ વિસ્તારોમાં નવા ઉદ્યોગો આવવા સાથે રોજગારીની તકો પણ વધવા પામશે.

અંકલેશ્વર ખાતે આજે યોજાયેલા એક કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા કેન્દ્રિય વન અને પર્યાવરણ મંત્રીએ ગુજરાતના અંકલેશ્વર, વટવા, પનોલી, વાપી ઔદ્યોગીક વિસ્તારમાં નવા ઉદ્યોગો ચાલુ કરવા પર મુકાયેલો પ્રતિબંધ દૂર કરવાનો નિર્ણય કેન્દ્રએ લીધો હોવાની જાહેરાત કરી હતી.

કેન્દ્રના આ નિર્ણયના કારણે હવે અંકલેશ્વર, વાપી, પનોલી, વટવા ઔદ્યોગિક વિસ્તારને ક્રીટીકલ પોલ્યુએશન ઝોનમાંથી બહાર કાઢવામાં આવશે. આ નિર્ણયના કારણે હવે આ વિસ્તારોમાં નવા ઔદ્યોગિક મુડીરોકાણ આવવા સાથે નવા ઉદ્યોગો શરૂ થશે એટલું જ નહી આ ક્ષેત્રે યુવાનો માટે રોજગારીની વધુ તકો પણ ઉભી થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા વર્ષો અગાઉ અંકલેશ્વર વાપી પનોલી વટવા વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષણ ખૂબજ ફેલાતા આ વિસ્તારોને ક્રીટકલ પોલ્યુશન ઝોનમાં મુકવામાં આવતા હતા અને આ વિસ્તારમાં નવા ઉદ્યોગો ચાલુ કરવા પર કેન્દ્રના વન પર્યાવરણ વિભાગે પ્રતિબંધ મુક્યો હતો. જો કે કેન્દ્રના વન પર્યાવરણ મંત્રાલયે આ પ્રતિબંધ દૂર કરવામાં આવતાં હવે આ વિસ્તારોમાં નવા ઉદ્યોગો શરૂ થશે.

સોનગઢમાં વ્યાજખોરોના ત્રાસથી આપઘાતના મામલે પોલીસ ફરિયાદ

પાલનપુર, તા.૨૬

પાલનપુર તાલુકાના સોનગઢ ગામે વ્યાજખોરો ના ત્રાસ તથા ધાક ધમકી થી ડરી એક યુવાને ગત રોજ ઝેરી દવા ગટગટાવતા તેને સારવાર અર્થે પાલનપુર ખસેડાયો હતો. આ અંગે પોલીસે ફરિયાદ નોંધી આરોપીઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુર તાલુકાના સોનગઢ ગામે રહેતા વીરાભાઈ કેશુભાઈ નાઇ કે જે પાલનપુર મા મોર્ડન હેર આર્ટ મા નાઈ કામ કરતા હતા તેમણે ત્રણ વર્ષ અગાઉ દસ ટકા જેટલા ઉંચા વ્યાજે દોઢ લાખ રૂપિયા લીધા હતા અને તેનુ વ્યાજ સમયસર ચુકવવા છતા આરોપીઓ દ્વારા ૩૫ લાખ જેટલી માતબર રકમ ની માગણી કરતા હોવાથી વીરાભાઈ એ જીવન ટુંકાવવાનો પ્રયાસ કર્યો હતો.

દરમિયાન, આ કેસમાં પોલિસે પીડિત યુવક વિરાભાઈ કેશાભાઈ સોલંકી(નાઈ)એ (૧)શૈલેશભાઈ શામળભાઈ પટેલ રહે. રામજીનગર પાસે, જુના લકશ્મીપુરા, પાલનપુર અને (૨) હીરાભાઈ હીરાભાઈ પટેલ રહે.અલખના ઓટલા સામે, નવા લક્ષ્મીપુરા, પાલનપુર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મુખ્યમંત્રીના કાર્યક્રમનો વિરોધ કરી રહેલા કોંગ્રેસ કાર્યકરોની અટકાયત

ગાંધીનગર, તા. ૨૬

અંકલેશ્વર ખાતે એક કાર્યક્રમમાં હાજરી આપવા મુખ્યમંત્રી આવતા તે સમયે કોંગ્રેસના કાર્યકરોએ આ કાર્યક્રમનો વિરોધ કરતા પોલીસે કોંગ્રેસના કાર્યકરોની અટક કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ અંકલેશ્વરના ઉદ્યોગકારો દ્વારા આજે સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં હાજરી આપવા મુખ્યમંત્રી રૂપાણી ગયા હતા.

કોંગ્રેસના કાર્યકરોએ આજે નોટબંધી અને બેરોજગારીના પ્રશ્ને મુખ્યમંત્રીના કાર્યક્રમનો વિરોધ કરવા માટે કાર્યક્રમ સ્થળે જઈ રહ્યા હતા તે સમયે પોલીસે કોંગ્રેસના કાર્યકરોની અટક કરી લીધી હતી.

કોંગ્રેસ દ્વારા અમદાવાદમાં બાઈક રેલી કાઢી કેન્દ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શિત કર્યો

ગાંધીનગર, તા. ૨૬

કેન્દ્ર સરકારના રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધીના નિર્ણયને કારણે સામાન્ય પ્રજાજનોને પડી રહેલી મુશ્કેલીના વિરોધમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે અમદાવાદમાં કોંગ્રેસ દ્વારા ગાંધી આશ્રમથી કોચરબ આશ્રમ સુધી બાઈક રેલી કાઢીને કેન્દ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શીત કરવામાં આવ્યો હતો.

નોટબંધી અને પ્રજાને પડતી મુશ્કેલીના વિરોધમાં કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા આંદોલાત્મક કાર્યક્રમો અંતર્ગત આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાનીમાં કોંગ્રેસના કાર્યકરોની ગાંધી આશ્રમથી કોચરબ આશ્રમ સુધી એક વિશાળ રેલી કાઢી સરકાર સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર ગુજરાતના ખેડૂતો અને તેમના પરિવારજનો નોટબંધીના કારણે મરવાના વાંકે જીવતા હોવાનું જણાવતા નવસર્જન ગુજરાતના પ્રહરી એવા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ રોજબરોજના વ્યવહારો નહી સચવાતા ૧૦૦થી વધુ લોકો અકાળે અવસાન પામ્યા જેના માટે વડાપ્રધાન પોતે જ જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો હતો.

આ ઉપરાંત આ નેતાઓએ આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે વડાપ્રધાને કોઈ તૈયારી કર્યા વિના સસ્તી પ્રસિદ્ધિ માટે ૧૦૦૦, ૫૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાનો ઉતાવળીયો નિર્ણય લીધો છે. જેના કારણે ગરીબોની સાથે ખેડૂતો અને પશુપાલકો બેહાલ થઈ રહ્યા છે.

અમદાવાદમાં ગાંધી આશ્રમથી કોચરબ આશ્રમ સુધી કોંગ્રેસ દ્વારા કાઢવામાં આવેલી બાઈક રેલીમાં પ્રદેશના આગેવાનો ધારાસભ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલીમાં કોંગ્રેસના કાર્યકરોએ કેન્દ્ર સરકાર સામે સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. તેમજ બેનરો પણ પ્રદર્શિત કર્યા હતા.

કોંગ્રેસ દ્વારા આવતીકાલે ભાજપના ધારાસભ્યો અને સંસદસભ્યોના ઘરે જઈને ઘેરાવ કરવાનો કાર્યક્રમ આપ્યો છે. તેમજ ૨૮મીએ વિપક્ષો દ્વારા આપવામાં આવેલા ભારત બંધનો એલાનને પણ સમર્થન આપ્યુ છે.

પ્રાંતિજ શેઠ.પી.એન્ડ આર હાઈસ્કૂલ ખાતે કાનૂની શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ શેઠ.પી.એન્ડ આર હાઈસ્કૂલ ખાતે કાનૂનિ શિબિર યોજાઈ.

નામદાર રાષ્ટ્રીય કાનૂની સેવાસત્તા મંડળ દિલ્હી (નાલ્સા) નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ હાઈકોર્ટ અમદાવાદના આદેશથી નામદાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ હિંમતનગર અને તાલુકા કાનૂની સેવા સમિતિ પ્રાંતિજના માર્ગદર્શન હેઠળ ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્રમે શેઠ.પી.એન્ડ આર હાઈસ્કૂલમાં બંધારણના દિવસની માહિતી માટેની કાનૂની શિબિર યોજાઈ હતી. આ શિબિર યોજવા અંગેનું માર્ગદર્શન તાલુકા કાનૂની સેવા સમિતિ પ્રાંતિજના અધ્યક્ષ અને સીવીલ કોર્ટના જજ તેમજ સેક્રેટરી પી.આર મોદીએ માર્ગદર્શન આપ્યું હતું. આ શિબિર દરમ્યાન પ્રાંતિજના અગ્રણી એડવોકેટ પ્રકાશભાઈ જોષીએ વિવિધ કાયદાઓ વિષે તથા કમલેશભાઈ સોનીએ બંધારણનું મહત્વ અને રોહિતભાઈએ કાનૂની સેવા સમિતિ અને ગ્રાહકદિન સુરક્ષા મંડળના પ્રમુખ અને પેરાલીગન વોલન્ટીયર તથા સામાજિક કાર્યકર નટુભાઈ બારોટ દ્વારા ગ્રાહક સુરક્ષા કાયદા અંગેની સમજ આપી હતી.

જયારે કાર્યક્રમનું સફળ સંચાલન સચિનભાઈ, જીગ્નેશભાઈ, તુષારભાઈ, કમલેશભાઈ અને રાજનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું જયારે આભારવિધિ જીતુભાઈ રાવલ દ્વારા કરવામાં આવી હતી.

અરવલ્લીમાં આદિવાસી કન્યાઓ સરકારની સાયકલ સહાયથી વંચિત

ધનસુરા, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓના સત્ર શરૂ થયાના પાંચ માસ વિતી ગયા છે તેમ છતાં જિલ્લાની આદિવાસી કન્યાઓને હજુ સુધી સરકાર તરફથી સાયકલ સહાય ન મળતા વાલીઓમાં રોષ ફેલાયો છે અને તંત્ર દ્વારા સહાય તુરંત આપવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં સરકારી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થયાને પાંચ માસ જેટલો સમય વિતી ગયો છે. તેમ છતાં જિલ્લા સમાજ કલ્યાણ વિભાગ દ્વારા આદિવાસી કન્યાઓને આપવામાં આવતી સાયકલ સહાય હજુ સુધી આપવામાં આવી નથી. ત્યારે સરકારના તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. સરકારની આ પ્રકારની નીતિને લઈ કન્યાઓના વાલીઓમાં ઉગ્ર રોષ જોવા મળ્યો છે અને તુરંત સરકાર તરફથી આ સહાય કન્યાઓને મળે તેવી માંગ કરી રહ્યા છે.

સોનાની લૂંટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળ્યું છે. નવરંગપુરા પોલીસના અધિકારી આરવી દેસાઈએ માહિતી આપતા કહ્યું છે કે, કેસ લોજીસ્ટિક કંપનીમાં આ લૂંટ કરવામાં આવી હતી. ગાર્ડે અલાર્મ વગાડવા માટેના પ્રયાસ કર્યા હતા પરંતુ આમા સફળતા મળી ન હતી. અન્ય ગાર્ડ તે વખતે ઉંઘી ગયો હતો. ઉંડી તપાસ શરૂ થઈ ચુકી છે. હજુ સુધી કોઈની પણ ધરપકડ કરાઈ નથી. બીજી બાજુ ડોગ સ્કવોર્ડ અને ફોરેન્સિક સાયન્સ લેબ દ્વારા પણ તપાસ હાથ ધરાઈ છે. ગત મોડી રાત્રે શહેરના મીઠાખળી છ રસ્તા પાસે આવેલી એસઆઈએસ સિક્યોરિટી એન્ડ ઈન્ટેલિજન્સ સર્વિસ નામની કંપનીમાં લૂંટ થઈ હતી. બે બુકાનીધારી શખ્સો ઓફિસની બહાર હાજર સિક્યોરિટી ગાર્ડને માથામાં હથોડી મારી અંદર પ્રવેશ્યા હતા અને ૧૪ કિલો સોનાનું લૂંટ ફરાર થઈ ગયા હતા. આ ઘટના મોડી રાત્રે લગભગ ૩.૩૦ વાગ્યે ઘટી હતી, જ્યારે સવારે ૫ વાગ્યે પોલીસને જાણ કરવામાં આવી હતી. હાલ ઈજાગ્રસ્ત સિક્યોરિટી ગાર્ડને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ સમગ્ર સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવી ફુટેજને આધારે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે નવરંગપુરા વિસ્તારમાં આવેલા મીઠાખળી છ રસ્તા નજીક આઈએસઆઈ સિક્યોરીટી કંપની આવેલી છે. આ કંપની પૈસા અને સોના વગેરેની સિક્યોરિટીની સર્વિસ પુરી પાડે છે. ગત રાત્રે કંપનીની ઓફિસમાં સત્યપાલ ચૌહાણ અને સત્યેનપાલ ચૌહાણ નામના બે સિક્યોરિટી ગાર્ડ હાજર હતા. ત્યારે લગભગ ૩.૩૦ કલાકની આસપાસ બાઈક પર બે બુકાનીધારી શખ્સો આવ્યા હતા અને સત્યપાલ ચૌહાણને માથામાં હથોડીથી ફટકા મારી બેભાન કરી દીધા હતા. જે બાદ તેઓ ઓફિસમાં ઘૂસ્યા હતા અને અંદાજે ૧૪થી ૧૫ કિલો સોનું (કિંમત આશરે ૪ કરોડ)ની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત સિક્યોરિટી ગાર્ડ ઉપરાંત અન્ય ગાર્ડ સત્યેનપાલ ચૌહાણ ઘટનાસ્થળે હાજર હતો. તેણે પોલીસને આ ઘટના અંગે જાણ કરી નહોતી અને ઈજાગ્રસ્ત સત્યપાલને હોસ્પિટલ લઈ ગયો ન હતો. જ્યારે સવારે પાંચ વાગ્યે અન્ય ગાર્ડ રામકરણ રાજપુત ડ્યુટી પર આવતાં તેણે પોલીસને લૂંટ અંગે જાણ કરી હતી. હાલ પોલીસ લૂંટ સમયે હાજર સત્યેનપાલની પુછપરછ કરી રહી છે, જ્યારે સીસીટીવી ફુટેજના આધારે અલગ અલગ ટીમો બનાવી પોલીસે લૂંટારુઓની શોધખોળ હાથ ધરી છે.

ફફડેલા પાકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હુમલાના જવાબમાં ભારતે જોરદાર કાર્યવાહી કરી હતી જેના લીધે પાકિસ્તાને આને રોકવા માટે છેલ્લે અપીલ કરી હતી. પારીકરે કહ્યું હતું કે, તેઓએ પાકિસ્તાનને યાદ અપાવ્યું હતું કે તે કઈરીતે એલઓસી પર સતત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરે છે. સંરક્ષણમંત્રીએ એમ પણ કહ્યું છે કે, અમને આને રોકવામાં કોઈ સમસ્યા નથી. અમે આ પ્રકારની કાર્યવાહીમાં કોઈ રસ ધરાવતા નથી પરંતુ આ બાબતને પાકિસ્તાન પોતે સમજે તે જરૂરી છે. ત્યારબાદથી છેલ્લા બે દિવસથી સરહદ ઉપર કોઈ ગોળીબાર થઈ રહ્યો નથી. મંગળવારના દિવસે સરહદપાર સ્થિત ત્રાસવાદીઓએ એક ભારતીય સૈનિકનું માથુ કાપી નાંખ્યું હતું. આ જીનેવા ઠરાવના ભંગ સમાન છે. પાકિસ્તાનના આ કૃત્ય બાદ ભારત તરફથી સતત કાર્યવાહી કરવામાં આવી હતી. ત્રાસવાદીઓ દ્વારા ઉરીમાં ભીષણ હુમલો સેનાના કેમ્પ ઉપર કરવામાં આવ્યા બાદ ભારતીય સેનાએ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી જેમાં અનેક ત્રાસવાદી કેમ્પોને ફુંકી મારવામાં આવ્યા હતા.

શહીદોને અંજલિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં અંજલિ આપવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ ત્રાસવાદ સામેના જંગને વધુ કઠોર બનાવવાની પણ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે તેઓ દેશના સાહસી જવાનોને સલામ કરે છે. તેમના સાહસ પર દેશના લોકોને ગર્વ છે. ત્રાસવાદ સામે સાથે મળીને લડતને આગળ વધારવાની તેમણે હાકલ કરી હતી. દેશના જુદા જુદા ભાગોમાં પણ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયા હતા. વાણિજ્ય પાટગનર મુંબઈમાં વરસીના દિવસે સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. દેશના સરહદી રાજ્યોમાં ખાસ પગલા લેવામાં આવ્યા હતા.

ત્રણ વર્ષનું કામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેની પાસે ફોન નથી તેઓ માઈક્રો એટીએમ ઉપર પેમેન્ટ માટે પોતાના આધાર કાર્ડનો ઉપયોગ કરી શકે છે. સરકાર માઈક્રો એટીએમની સંખ્યા વર્તમાન ૧૩૦૦૦૦થી વધારીને ૧૦ લાખ સુધી કરશે. કેશલેશ ટ્રાન્ઝીક્શનથી દેશભરમાંથી અધિકારીશાહીનો ખાત્મો થશે. મોદી સરકારે તેમની વિરાસત આધારને આગળ વધારી છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા કહ્યું હતું કે, મોદી સરકારે આને આગળ જ વધારી નથી બલ્કે ખુબ ઝડપથી તેજી લાવી છે. તેમના માટે સૌથી મોટી બાબત પ્રોજેક્ટની સફળતાને લઈને છે. નિલકાણી કહ્યું હતું કે, વ્યવસ્થાને કેશલેસ બનાવી દેવાની જરૂર છે. આધાર કાર્ડ પ્રત્યે તેમની સફળતા વર્ષોથી જ જોડાયેલી છે. તેઓ ખુશ છે કે સરકાર આ દિશામાં વધુ ઝડપથી આગળ વધી રહી છે. આગામી દિવસોમાં આધારકાર્ડની સ્કીમને વધુ ઝડપથી આગળ વધારવામાં આવી શકે છે અને વધુ યોજનાઓ સાથે તેમને જોડવામાં આવી શકે છે.

ઠંડીનો ચમકારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દસ વાગ્યા બાદ તો શહેરના આંતરિક માર્ગો અને શોપીંગ સેન્ટરો સુના પડી ગયા હતા.

આગામી દિવસોમાં પારો ૧૦ ડિગ્રીની નીચે જાય તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. ઠંડીના કારણે ગરમ વસ્ત્રોના બજારોમાં તેજી આવી છે. સે. ૬ અને ઘ-પના મેદાનમાં ગરમ વસ્ત્રોના બજારો લાગ્યા છે. જેમાં ઠંડી વધતા ભીડ જામી રહી છે. જો કે હજુ મહત્તમ તાપમાન ૩૨-૩૩ ડિગ્રીની આસપાસ સ્થિર રહ્યુ હોઈ દિવસ હૂંફાળો લાગે છે. ઠંડા પવનો હજુ શરૂ થયા ન હોવાથી દિવસે હજુ ઠંડક અનુભવાતી નથી. આજે લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિ.સે., મહત્તમ તાપમાન ૩૨.૮ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૬૨ ટકા અને સાંજે ૩૧ ટકા નોંધાયું હતું.

ટ્રીમીંગ ઝુંબેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાયા છે. વનતંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગોઆસપાસ મોટાભાગે ટ્રીમીંગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે હાલ સે-૧૭ સ્થિત પ્રદર્શન ગેલેરી પાસેના વિસ્તારમાં ટ્રીમીંગનુ કામ ચાલી રહયુ છે. આ ઉપરાંત સેકટરોમાં માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવશે. જેમાં ફેન્સીંગ માટે નવી થાંભલીઓને પીળા તેમજ લીલા રંગનો નવોકલર કોડ પણ આપવામાં આવશે. જેના લીધે શહેરના માર્ગોના બ્યુટીફિકેશનમાં પણ નિખાર આવશે. આ ઉપરાંત વનતંત્ર દ્વારા સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ થયુ ન હોવાની બુમ ઉઠવા પામી છે. ત્યારે આગામી દિવસોમાં સેકટરોમાં પણ ટ્રીમીંગની ઝુંબેશ હાથ ધરાશે. સેકટરોમાં ટ્રીમીંગની કામગીરીના અભાવે સ્ટ્રીટ લાઈટના થાંભલાઓનુ અજવાળુ માર્ગ પર પથરાતુ ન હોવાની ફરિયાદો પણ વધી છે. ત્યારે વનતંત્ર હવે સેકટરોમાં ટ્રીમીંગનુ કામ શરૂ કરશે .જો કે હજુ પણ શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. અગાઉ સુકા વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ત્યારે સુકા વૃક્ષો ગમે ત્યારે ભયજનક પુરવાર થાય તેવી દહેશત છે. આવા સંજોગોમાં સુકા વૃક્ષોની કટોતી માટે પણ કામ હાથ ધરાશે.

બ્રિજનું કામ પૂર્ણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓળખ ઉભી કરી છે. શહેરના મધ્યમાં હરિયાળા ઉદ્યાનો વચ્ચે સહેલાણીઓ માટે અનેકવિધ આકર્ષણો ઉભા કરાયા છે. જયારે સ્વર્ણિમ પાર્કથી આગળ મહાત્મા મંદિરના પ્રોજકટને નિહાળવા માટે દેશના વિવિધ રાજયો તેમજ વિદેશની ટીમો પણ મુલાકાત લઈ દંગ રહી જાય છે. મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી દાંડી કુટીરનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. ગાંધીજીના જીવન અને સમાજ ઉપયોગી બાબતોનો ચિતાર દર્શાવતી દાંડી કુટીરને નિહાળવા પણ સ્થાનિકો તેમજ પ્રવાસીઓમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી રહી છે. બીજીતરફ દાંડી કુટીર અને મહાત્મા મંદિરને જોડવા માટે તંત્ર દ્વારા નમુનારૂપ કેબલ સ્ટેડ બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. કેબલના ઉપયોગથી તૈયાર કરાયેલા આ બ્રિજનુ કામ આખરે પુર્ણ કરી દેવાયુ છે. જયારે આ બ્રિજના નિર્માણ માટે ચાઈનાથી કેબલ મંગાવાયા હતા. તેમજ ચાઈનાથી આવેલા નિષ્ણાંતોની ટીમ પણ કામે લાગી હતી. આ બ્રિજના નિર્માણ બાદ દાંડી કુટીર તેમજ મહાત્મા મંદિરને જોડતો નવો રસ્તો મળ્યો છે.આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વી આઈ પી મહાનુભાવો આ બ્રિજનો ઉપયોગ કરશે આ બ્રિજ પર ગોલ્ફ કારના માધ્યમથી દાંડી કુટીર અને મહાત્મા મંદિર સુધી સરળતાથી જઈ શકાશે.

મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

ઈચ્છા પણ નથી અને સંસ્કાર પણ નથી. મારા સ્વપ્નો જરુર મોટા છે. પણ તેને પૂરા કરવા હું મારા પોતાના સામે મહાભારત ખેલવા નથી ઈચ્છતો. અને નિયતિએ 'મહાભારત' શરુ કરી દીધું છે. પેલું મહાભારત તો ૧૮ દિવસે પૂરું થઈ ગયું હતું. પણ મારું મહાભારત તો વર્ષોથી ચાલે છે. એ કયારે પૂર્ણ થશે એ પણ હું જાણતો નથી. માત્ર એટલું જાણું છું કે જીત મારી થશે. કેમ કે સત્ય મારે પક્ષે છે. પણ એ વખતે હું બધું જીતીને સત્યની સ્થાપના કરીને, પ્રેમ અને સદ્‌ભાવનાની સ્થાપના કરીને સમાજને, આખા વિશ્વને એક નવી પ્રેરણા આપીને શખ્ય છે કે હું પાંડવોની નવી ભાષાની શોધમાં, નવી લિપિની શોધમાં, નવા સત્યની શોધમાં એક નવી દુનિયામાં ચાલ્યો જઈશ.

રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

નથી જ લાગવાની એ હકીકત છે પણ એની સફળતાનો મુખ્ય આધાર ગ્રામીણ અને અંતરીયાળ વિસ્તારોમાં કેટલી ડીજીટલ કાંતિ આવે છે એના પર છે કેમકે આખરે મોટાભાગનું ભારત તો ત્યાં જ વસે છે ને? નોટબંધીમાં ખાલી ઈ-વોલેટ સાઈટ્સ જ નહિ પણ બેંકો પણ એ વાત પર જોર આપી રહી છે કે બને એટલું મોબાઈલ બેન્કિંગ કે ઓનલાઈન બેન્કિંગ કરો. અત્યારે ૪૫ કરોડ જેવા મોબાઈલ ઉપભોક્તા ધરાવતા આ દેશમાં ૨૦૨૦ સુધીમાં ૭૦ કરોડ લોકોના હાથમાં સ્માર્ટફોન રમતો થઈ જવાનો છે એવામાં મોબાઈલ એપ ની મદદથી નાના કે મોટા પેમેન્ટો કરવા આમ વાત થઈ જવાની એ હકીકત છે પણ એ પહેલા દેશમાં પરફેક્ટ ડીજીટલી ઈ-પેમેન્ટ વ્યવસ્થા ગોઠવવી જરૂરી બનશે જ. એવું નથી કે ભારત સમ્પૂર્ણ કેશલેશ થઈ શકશે કે થઈ જશે કેમકે આપણને અમથોય રોકડ કે કેશનો મોહ વધુ છે અને એ કદાચ ભારતીયના લોહીમાં જ છે એટલે એવું રખે માનતા કે કેશમાં ટ્રાન્ઝેક્શન સાવ અટકી જશે કે સ્વીડન અને બીજા દેશોની જેમ લગભગ ૧૦૦% કેશલેશ ઈકોનોમીની સ્થાપના થઈ જશે...ના ભાઈ ના...!! પણ, જો અત્યારે થતા રોકડ વ્યવહારોમાંથી અર્ધા પણ કેસલેસ થઈ જાય તો સ્વાભાવિક છે કે આ સુવિધા ના હોય એ લોકો રોકડનો વધુ ઉપયોગ કરી શકે અને એટલો રોકડ અર્થવ્યવસ્થા પર ભાર પણ ઓછો આવે. આગળ લખ્યા એ બધા અહેવાલો અને રિપોર્ટો મુજબ જો આ સ્થતિમાં અંદાજે અર્ધો પણ ફેર આવી શકતો હોય તો એ મારા ને તમારા માટે વધુ અને દેશની અર્થવ્યવસ્થા માટે વધારે સારી બાબત બની રહેશે એમાં કોઈ શક નથી જ. દુર ગામડામાં બેઠેલો ખેડૂત મોબાઈલ કે ઈન્ટરનેટથી ખેતીની ખરીદી-વેચાણ કરી શકશે અને હું ને તમે નજીકના કરીયાણાવાળાને ત્યાં પીઓએસ પર બીલ ચૂકવી શકશું ત્યારે જ કેશલેસ ઈકોનોમીની સાચી શરૂઆત થઈ શકશે....!!!! વાર લાગશે પણ નોટબંધીએ જેમ ઈ-વોલેટ શીખવાડ્યું એમ આ પણ શીખવું જરૂરી તો છે જ...!!!

અમૂલ દ્વારા "નેશનલ મિલ્ક ડે"ની ઉજવણી



અમદાવાદ,તા. ૨૬

અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની પેદાશોનું ઉત્પાદન કરતી ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ (જીસીએમએમએફ) દ્વારા આજે ડો. વર્ગીસ કુરિયનના ૯૫મા જન્મદિનની નેશનલ મિલ્ક ડે તરીકે ઉજવણી કરવામાં આવી હતી.

સમર્પણની અદ્‌ભૂત ભાવના અને નવતર પ્રકારની પહેલ દ્વારા ડો. કુરિયન ભારતમાં શ્વેતક્રાંતિ લાવ્યા. હાલમાં ભારત જ્યારે દુનિયામાં દૂધના ઉત્પાદનમાં મોખરે છે ત્યારે ભારતમાં શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. કુરિયનને શ્રદ્ધાંજલિ આપવાનું યથોચિત ગણાશે. દેશભરની દૂધ સહકારી મંડળીઓએ ભારતના તમામ બજારોમાં ડો. કુરિયનના જન્મ દિવસની ઉજવણી કરી હતી.

ડેરી સાયન્સ કોલેજ આણંદથી ૬૦૦ વિદ્યાર્થીઓની એક રેલીને ડો. કુરિયનના દિકરી શ્રીમતિ નિર્મલા કુરિયને ઉદઘાટન કર્યું. જીસીએમએમએફ (અમૂલ) ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી આર.એસ.સોઢી, કાઇરા યુનિયનના મેનેજીંગ ડિરેક્ટર ડો. કે. રત્નમ અને એનડીડીબીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સંગ્રામ ચૌધરી આજે આ પ્રસંગે અમૂલ ડેરી આણંદ ખાતે હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મેનેજીંગ ડિરેક્ટર શ્રી આર. એસ સોઢીએ ડો. વર્ગીસ કુરિયન પ્રત્યે સન્માનની લાગણી વ્યકત કરતાં જણાવ્યું હતું કે ભારતના મિલ્ક મેનના વિઝન અને સમર્પણને કારણે આજે ભારત દુનિયામાં દૂધનું સૌથી વધુ ઉત્પાદન કરનાર દેશ બન્યો છે. તેમની જીવનગાથા આવનારી પેઢીઓ માટે ઉદાહરણરૂપ બની રહેશે. આપણે તેમના પગલે ચાલીને તેમના ધ્યેયને આગળ ધપાવીશું. ઈમાનદારી અને સમર્પણ જેવા મૂલ્યો દ્વારા તેમણે એક પ્રગતિશીલ દેશને દૂધના ઉત્પાદન દ્વારા આગળ ધપાવી દૂધ ઉત્પાદકોને સશક્તિમાન બનાવ્યા છે.